સંદેશ, પાના નં-૦૨, તા. ૦૯.૦૬.૨૦૨૪

# મોટેરા અને ગાંધીનગર વચ્ચે આ મહિને જ મેટ્રો ટ્રેન શરૂ થવાની શક્યતા, દિવસભર ટ્રાયલનો ધમધમાટ જોવા મળ્યો



અમદાવાદ બાદ હવે ગાંધીનગરમાં જૂન માસમાં મેટ્રો દોડતી થવાની શક્યતાઓ પ્રબળ બની છે. હાલ મોટેરાથી ગાંધીનગર સેક્ટર-૧ સુધી મેટ્રો ટ્રેનનું ટ્રાયલ તેજ ગતિએ જોવા મળી રહ્યુ છે. તપોવન સર્કલથી થોડા થોડા અંતરે મેટ્રોના ટ્રાયલના પગલે પસાર થતી જોવા મળી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગાંધીનગરના મોટાભાગના મેટ્રો સ્ટેશન પણ તૈયાર કરાઇ દેવાયા છે. અમદાવાદ અને ગાંધીનગરને જોડતા રૂટની કામગીરી આખરી તબક્કામાં પહોંચી છે અને મેટ્રોની આખરી તબક્કાની કામગીરીનું નિરીક્ષણ કરવા કમિશનર ગુજરાત આવવાના છે. ટૂંક સમયમાં જ એટલે કે જૂનમાં જ અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન દોડશે તેવી પ્રબળ શક્યતાઓ જોવા મળી રહી છે.